Vol. 2, Issue: 4, April 2014 (IJRSML) ISSN: 2321 - 2853

# ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓમાં ચિંતાતુરતા અને સ્વસંકલ્પના

ભાનુશંકર પી. રાવલ
પ્રિન્સીપાલ, ફ્લોરોસન્ટ પબ્લિકસ્કૂલ,
ગુલાબ ટાવર,થલતેજ. અમદાવાદ

**સારાંશ :**
બાળકના સર્વાંગીણ વિકાસમાં ચિંતાતુરતા પણ ઘણો જ અગત્યનો ભાગ ભજવતી હોય છે. વિકસિત રાષ્ટ્રો શિક્ષણમાં હરણફાળ ભરી રહ્યા છે. ત્યારે આપણે ત્યાં શરૂઆત જોવા મળે છે. પરિણામે શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની શક્તિ અનેક પ્રકારે રૂંધાઈ રહી છે અને તેનાથી વધારે જે ગામોમાં ઉચ્ચ શિક્ષણ તેમજ શિક્ષણની સગવડતાઓ નથી. ત્યાંના વિદ્યાર્થીઓને મુસાફરી કરીને અભ્યાસ કરવો પડે છે. તેથી આ ઉંમરે વિદ્યાર્થીઓને પડતી તકલીફો અને તેની ઉંમર પ્રમાણેની સમસ્યાઓ પર વિવિધ પરિબળોની અસર તપાસવા પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવ્યું હતુ, જેનું ક્ષેત્ર શૈક્ષણિક મનોવિજ્ઞાન અને શિક્ષણનું સમાજશાસ્ત્ર અને સંશોધન સંખ્યાત્મક સંશોધન પ્રકારનું હતું.

પ્રસ્તુત સંશોધન અભ્યાસના ૧. ચિંતાતુરતા સંબંધિત અભ્યાસના તારણો : ઉચ્ચતર માધ્યમિક શાળાઓનાં વિદ્યાર્થીઓમાં ચિંતાતુરતા પર જાતીયતાની અસર ,રહેઠાણનાં પ્રકારની અસર ,ચિંતાતુરતા પર ભિન્ન વિદ્યાશાખાની અસર,ભિન્ન સામાજિક-આર્થિક સ્થિતિની અસર, સામાજિક - આર્થિક સ્થિતિ અને જાતીયતાની આંતરક્રિયાની અસર, ભિન્ન રહેઠાણનો પ્રકાર અને ભિન્ન સામાજિક-આર્થિક સ્થિતિની આંતરક્રિયાની અસર, ભિન્ન સામાજિક-આર્થિક સ્થિતિ અને વિદ્યાશાખાની આંતરક્રિયાની અસર, વિદ્યાશાખા અને સામાજિક-આર્થિક સ્થિતિની આંતરક્રિયાની અસર જોવા મળી ન હતી. ભિન્ન રહેઠાણ અને ભિન્ન વિદ્યાશાખાની આંતરક્રિયાની અસર જોવા મળી હતી. ૨. સ્વસંકલ્પના સંબંધિત અભ્યાસનાં તારણો: ઉચ્ચતર માધ્યમિક શાળાઓનાં વિદ્યાર્થીઓમાં સ્વસંકલ્પના પર જાતીયતા, વિદ્યાશાખા, સામાજિક-આર્થિક સ્થિતિ અને જાતીયતાની આંતરક્રિયા, રહેઠાણનો પ્રકાર અને વિદ્યાશાખાની આંતરક્રિયા, રહેઠાણનો પ્રકાર અને સામાજિક-આર્થિક સ્થિતિની આંતરક્રિયા, સામાજિક-આર્થિક સ્થિતિ અને વિદ્યાશાખાની વચ્ચેની આતંરક્રિયા, રહેઠાણનાં પ્રકાર, વિદ્યાશાખા અને સામાજિક-આર્થિક સ્થિતિ વચ્ચેની આંતરક્રિયા ની અસર જોવા મળી ન હતી.

## ૧. પ્રસ્તાવના

આજનો બાળક આવતીકાલના વિશ્વનો રચિયતા છે. બાળકમાં કઈ શક્તિઓ પડેલી છે એ જાણવું જરૂરી છે. બાળક પોતની જાતને ઓળખે એ માટે તેની પોતાની જાતને ઓળખવાની અને પોતાનામાં રહેલી સમજ શક્તિ, જવાબદારીનું ભાન તેમજ પોતાના વિકાસ માટેની ચિંતા જાણવી અનિવાર્ય બને છે. વળી, પોતે જે બની શકે એમ છે. એ બનવા માટે જરૂરી પ્રવૃત્તિઓ અને યોગ્ય પરિસ્થિતિ મા-બાપે તથા શાળાએ પૂરી પાડવા શક્ય એટલા પ્રયત્ન કરવા જોઈએ. કેળવણીનું ધ્યેય જેમ માત્ર અક્ષરજ્ઞાન કે પુસ્તકિયું જ્ઞાન આપવાનું નથી. તેમ વિદ્યાર્થીઓમાં અતિ ઉચ્ચ, અશક્ય કે અવ્યવહારૂ આદર્શો ઊભા કરવાનું પણ નથી. સાચી કેળવણી તો તે છે કે જે વિદ્યાર્થી સ્વ ઓળખ દ્વારા વિકાસોન્મુખ કરે. જ્ઞાનની તેનામાં ભૂખ જગાવે, સ્વવિકાસની તમન્ના પ્રગટાવે.બાળકનાં સર્વાંગી વિકાસમાં તેની સામાજિક આર્થિક સ્થિત અગત્યનો ભાગ ભજવે છે. બાળક વ્યવસ્થિત ઘરમાં રહીને અભ્યાસ કરે છે. અને જ્યારે બાળકને ઉત્તમ ઘર, છાત્રાલય વિગેરેની સગવડતા મળે છે તો આવી સગવડતાઓ તેના અભ્યાસમાં મદદરૂપ બનતી હોય છે.

બાળકના સર્વાંગીણ વિકાસમાં ચિંતાતુરતા પણ ઘણો જ અગત્યનો ભાગ ભજવતી હોય છે. વિકસિત રાષ્ટ્રો શિક્ષણમાં હરણફાળ ભરી રહ્યા છે. ત્યારે આપણે ત્યાં શરૂઆત જોવા મળે છે. પરિણામે શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની શક્તિ અનેક પ્રકારે રૂંધાઈ રહી છે અને તેનાથી વધારે જે ગામોમાં ઉચ્ચ શિક્ષણ તેમજ શિક્ષણની સગવડતાઓ નથી. ત્યાંના વિદ્યાર્થીઓને મુસાફરી કરીને અભ્યાસ કરવો પડે છે. આ વિદ્યાર્થીઓની સ્થિતિ વધુ કફોડી હોય છે. આથી શિક્ષકોએ એ ખ્યાલ રહેવો જોઈએ કે ઘણી વખત અભ્યાસમાં નબળા જણાતા વિદ્યાર્થીઓને કેટલીક બાબતે ચિંતા, સ્વસંકલ્પના, સામાજિક-આર્થિક સ્થિતિ, ઘર, છાત્રાલય,ગામમાં શાળા ન હોવી જેવી અનેક બાબો નડતરરૂપ બનતી હોય છે.તેથી આ ઉંમરે પડતી વિદ્યાર્થીઓને તકલીફો અને તેની ઉંમર પ્રમાણેની સમસ્યાઓ પર વિવિધ પરિબળોની અસર તપાસવા પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું.

**૨. સમસ્યા શીર્ષક**

ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓમાં ચિંતાતુરતા અને સ્વસંકલ્પના (Anxiety and Self Concept of Students of Higher Secondary Schools)

**૩. અભ્યાસના હેતુઓ**

૧. ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓમાં ચિંતાતુરતા પર તેઓની જાતીયતા,રહેઠાણનો પ્રકાર, વિદ્યાશાખા અને સામાજિક - આર્થિક સ્થિતિની મુખ્ય તેમજ આંતરક્રિયાની અસર તપાસવી.
૨. ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓમાં સ્વસંકલ્પના પર તેઓની જાતીયતા,રહેઠાણનો પ્રકાર, વિદ્યાશાખા અને સામાજિક-આર્થિકની મુખ્ય તેમજ આંતરક્રિયાની અસર તપાસવી.

**૪. શૂન્ય ઉત્કલ્પનાઓ**

૧. ઉચ્ચતર માધ્યમિક શાળાઓનાં વિદ્યાર્થીઓ કુમાર અને કન્યાના ચિંતાતુરતા સરેરાશાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
૨. ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ભિન્ન રહેઠાણનાં પ્રકારોના સંદર્ભમાં વિદ્યાર્થીઓમાં ચિંતાતુરતા સરેરાશાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
૩. ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ભિન્ન વિદ્યાશાખાઓના વિદ્યાર્થીઓના ચિંતાતુરતા સરેરાશાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
૪. ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ભિન્ન સામાજિક-આર્થિક સ્થિતિના વિદ્યાર્થીઓમાં ચિંતાતુરતા સરેરાશાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
૫. ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓના ચિંતાતુરતા સરેરાશાંકો પર જાતીયતા અને સામાજિક - આર્થિક સ્થિતિ વચ્ચેની આંતરક્રિયા વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
૬. ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓમાં ચિંતાતુરતા સરેરાશાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
૭. ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓમાં ચિંતાતુરતા સરેરાશાંકો પર રહેઠાણના પ્રકાર અને સામાજિક - આર્થિક સ્થિતિ વચ્ચેની આંતરક્રિયા વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
૮. ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓના ચિંતાતુરતા સરેરાશાંકો પર વિદ્યાશાખા અને સામાજિક-આર્થિક સ્થિતિ વચ્ચેની આંતરક્રિયા વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
૯. ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓના ચિંતાતુરતા સરેરાશાંકો પર રહેઠાણાના પ્રકાર વિદ્યાશાખા અને સામાજિક-આર્થિક સ્થિતિ વચ્ચેની આંતરક્રિયા વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
૧૦. ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ કુમાર અને કન્યાના સ્વસંકલ્પનાઓના સરેરાશાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
૧૧. ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ભિન્ન રહેઠાણના પ્રકારોના સંદર્ભમાં વિદ્યાર્થીઓના સ્વસંકલ્પના સરેરાશાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
૧૨. ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ભિન્ન વિદ્યાશાખાઓના વિદ્યાર્થીઓના સ્વસંકલ્પના સરેરાશાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
૧૩. ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ભિન્ન સામાજિક આર્થિક સ્થિતિના વિદ્યાર્થીઓના સ્વસંકલ્પના સરેરાશાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
૧૪. ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓના સ્વસંકલ્પના સરેરાશાંકો પર જાતીયતા અને સામાજિક-આર્થિક સ્થિતિ વચ્ચેની આંતરક્રિયા વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
૧૫. ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓમાં સ્વસંકલ્પના સરેરાશાંકો પર રહેઠાણનાં પ્રકાર અને વિદ્યાશાખા વચ્ચેની આતંરક્રિયા વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
૧૬. ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓના સ્વસંકલ્પના સરેરાશાંકો પર રહેઠાણનાં પ્રકાર અને સામાજિક-આર્થિક સ્થિતિ વચ્ચેની આંતરક્રિયા વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
૧૭. ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓના સ્વસંકલ્પના સરેરાશાંકો પર વિદ્યાશાખા અને સામાજિક-આર્થિક સ્થિતિ વચ્ચેની આંતરક્રિયા વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
૧૮. ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓના સ્વસંકલ્પના સરેરાશાંકો પર રહેઠાણના પ્રકાર, વિદ્યાશાખા અને સામાજિક-આર્થિક સ્થિતિ વચ્ચેની આંતરક્રિયા વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**૫. સંશોધનનું ક્ષેત્ર**

પ્રસ્તુત સંશોધનનું ક્ષેત્ર શૈક્ષણિક મનોવિજ્ઞાન અને શિક્ષણનું સમાજશાસ્ત્ર હતું.

**૬. સંશોધન પ્રકાર**

પ્રસ્તુત સંશોધન સંખ્યાત્મક સંશોધન હતું.

**૭. અભ્યાસનો વ્યાપ**

પ્રસ્તુત સંશોધનમાં અમદાવાદ શહેરની ગુજરાતી માધ્યમવાળી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ૨૦૧૩-૧૪ ના શૈક્ષણિક વર્ષ દરમિયાન શ્રેણી અગીયાર અને બારમાં અભ્યાસ કરતા કુમારો અને કન્યાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

**૮. અભ્યાસનું મહત્ત્વ**

પ્રસ્તુત અભ્યાસનું મહત્ત્વ નીચે મુજબ હતું.

૧. આ અભ્યાસના તારણો પરથી વિદ્યાર્થી, શાળા અને સમાજને જરૂરી માર્ગદર્શન મળી રહેશે.
૨. અમદાવાદ શહેરની વિવિધ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિવિધ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિવિધ પ્રવાહોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સામાજિક-આર્થિક સ્થિતિ અને તેના સંદર્ભમાં ચિંતાતુરતા અને સ્વસંકલ્પના વિશે જાણી શકાશે.
૩. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં સામાજિક-આર્થિક સ્થિતિ, ચિંતાતુરતા અને સ્વસંકલ્પના જાણી શકાશે.
૪. વિદ્યાર્થીઓના જીવનમાં વિવિધ ક્ષેત્રોમાં રહેઠાણનો પ્રકાર કેવી અસર કરે છે તે જાણી શકાશે.
૫. વિદ્યાર્થીઓના નબળા અને હોંશિયાર હોવાનું કારણ સંશોધનના ચલોના સંદર્ભમાં જાણી શકાશે.
૬. જીવનમાં વિવિધ ક્ષેત્રે સામાજિક-આર્થિક સ્થિતિ, ચિંતાતુરતા અને સ્વસંકલ્પના કેટલા પ્રમાણમાં અસર કરે છે તે જાણી શકાશે.
૭. ભવિષ્યમાં થનારા સંશોધનો માટે સંદર્ભ સાહિત્ય રૂપે આ પ્રસ્તુત સંશોધનમાંથી માર્ગદર્શન મેળવી શકાશે.

**૯. અભ્યાસની મર્યાદાઓ**

પ્રસ્તુત સંશોધનની મર્યાદા નીચે મુજબ હતી.

૧. પ્રસ્તુત અભ્યાસ કાર્યમાં ગુજરાત રાજ્યના અમદાવાદ શહેરની ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવશે. આ અભ્યાસ અમદાવાદ શહેર પૂરતો સિમિત છે. અન્ય સ્થળોએ લાગુ પાડી શકાશે નહીં.
૨. પ્રસ્તુત અભ્યાસમાં ઉચ્ચતર માધ્યમિક શાળાના ગુજરાતી માધ્યમના સને ૨૦૧૩-૧૪ ના વર્ષના વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.
૩. પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે વિદ્યાર્થીઓની જાતીયતા, રહેઠાણનો પ્રકાર,વિદ્યાશાખા, સામાજિક-આર્થિક સ્થિતિ જેવા પરિબળોને ધ્યાનમાં લઈને અભ્યાસ કરવામાં આવ્યો હતો.
૪. પ્રસ્તુત અભ્યાસમાં નમૂના પાસેથી માહિતી મેળવવા તૈયાર ઉપકરણોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.
૫. પ્રસ્તુત અભ્યાસમાં નમૂનાની શાળાની પસંદગી સહેતુક પસંદગી કરવામાં આવી હતી. જેમાં ૩૦૦ વિદ્યાર્થીઓ નમૂના તરીકે લેવામાં આવ્યા હતા.

**૧૦. નમૂનો**

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધનના હેતુઓને અનુરૂપ માહિતી એકત્ર કરવા માટે બાયડ તાલુકાની ઉચ્ચતર માધ્યમિક શાળાઓને સહેતુક પસંદ કરવામાં આવી હતી. પ્રયોજકે નમૂનાનાં પાત્રો તરીકે ધોરણ ૧૧ અને૧૨ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો સમાવેશ કર્યો હતો. નમૂનાના પાત્રોની કુલ સંખ્યા ૩૦૦ હતી. જાતીયતાના સંદર્ભમાં કુમારો અને કન્યાઓ અનુક્રમે૧૫૨ અને ૧૪૮ હતા. રહેઠાણના પ્રકારના સંદર્ભમાં ઘર, છાત્રાયલ અને મુસાફરી કરીને અભ્યાસ કરતા પાત્રોની સંખ્યા અનુક્રમે ૨૧૯, ૬૨ અને ૧૯ હતી. જ્યારે વિદ્યાશાખા સંદર્ભમાં વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાનના પાત્રો અનુક્રમે ૧૧૩, ૯૫ અને ૯૨ હતા.

**૧૧. સંશોધન પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પદ્ધતિનું હતું.

**૧૨. ઉપકરણ**

પ્રસ્તુત અભ્યાસમાં માહિતી પ્રાપ્ત કરવા માટે તૈયાર પ્રમાણિત થયેલા ઉપકરણો ઉપલબ્ધ હતા. તેથી પ્રયોજકે પ્રાપ્ત ઉપકરણનો ઉપયોગ કરવાનું નક્કી કર્યું હતું. ઉપકરણો આ પ્રમાણે પસંદ કર્યા હતાં.

૧. ચિંતાતુરતાના માપન માટે ડૉ.કે.જી.દેસાઈ રચિત 'દેસાઈ પ્રગટ ચિંતા માપદંડ'
૨. સ્વસંકલ્પનાના માપન માટે ડૉ.ડી.એ.ઉચાટ રચિત 'તમને શું લાગે છે ? માપદંડ'.

3. સામાજિક-આર્થિક દરજ્જાના માપન માટે પણ ડૉ.કે.જી. દેસાઈ રચિત 'સામાજિક-આર્થિક દરજ્જાનો માપદંડ'.

## ૧૩. માહિતી એકત્રીકરણ

*પ્રયોજકે માહિતી એકત્ર કરવા માટે અમદાવાદ શહેરની ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની રૂબરૂ મુલાકાત લીધી. શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને આચાર્યોને અભ્યાસના હેતુઓ સમજાવ્યા હતા. ત્યારબાદ ઉપકરણો ભરવા માટે સમય મેળવ્યો હતો. ત્યારબાદ દરેક વિદ્યાર્થીને ચિંતાતુરતાનું ઉપકરણ આપવામાં આવ્યું હતું જેના માટે ૨૫ મિનિટનો સમય આપવામાં આવ્યો હતો. ત્યારબાદ વિદ્યાર્થીઓને તેમને શું લાગે છે? ઉપકરણ આપવામાં આવ્યું હતું. જેના માટે ૧૦ મિનિટનો સમય આપવામાં આવ્યો હતો અને છેલ્લે સામાજિક-આર્થિક સ્થિતિનું ઉપકરણ આપવામાં આવ્યું હતું જેના માટે પણ ૧૦ મિનિટનો સમય આપવામાં આવ્યો હતો.જરૂર જણાય ત્યાં સૂચનાઓ આપવામાં આવતી હતી. સંપૂર્ણ વિગત ભરેલા ઉપકરણો પરત મેળવવામાં આવ્યા હતા.*

## ૧૪. માહિતી પૃથક્કરણની પ્રવિધિ

*પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકનો હેતુ ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓમાં રહેલી ચિંતાતુરતા અને સ્વસંકલ્પના પર વિદ્યાર્થીઓની જાતીયતા, રહેઠાણનો પ્રકાર,વિદ્યાશાખા અને સામાજિક-આર્થિક સ્થિતિની અસર તપાસવાનો હતો. પ્રસ્તુત અભ્યાસમાં માહિતી એકત્રીકરણ માટે ચિંતાતુરતા ઉપકરણ અને સ્વસંકલ્પના ઉપકરણ પર પાત્રોના પ્રતિચાર મેળવી તેનું ગુણાંકન કરવામાં આવ્યું હતું. આ રીતે મળેલા ચિંતાતુરતા પ્રાપ્તાંકો અને સ્વસંકલ્પનાના પ્રાપ્તાંકોનું ચારમાર્ગીય વિચરણ પૃથક્કરણ* SPSS *નામના કમ્પ્યૂટર પ્રોગ્રામનો ઉપયોગ કરી કરવામાં આવ્યું હતું. ચારમાર્ગીય વિચરણ પૃથક્કરણ દ્વારા પરતંત્ર ચલ પર એક થી વધુ સ્વતંત્ર અસર તપાસવી શકાય છે. ત્યારે પરસ્પર ચલ પરની આંતરક્રિયાના પૃથક્કરણ માટેછર્ર્ફછ પદ્ધતિથી પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.*

## ૧૫. અભ્યાસનાં તારણો

### *૧૫. ૧. ચિંતાતુરતા સંબંધિત અભ્યાસનાં તારણો*

- *ચિંતાતુરતા ચલ સંબંધિત અભ્યાસનાં તારણો નીચે પ્રમાણે છે.*
- *ઉચ્ચતર માધ્યમિક શાળાઓનાં વિદ્યાર્થીઓનાં જાતીયતાના સંદર્ભમાં કુમારો અને કન્યાઓની ચિંતાતુરતા સમાન હતી. એટલે કે ચિંતાતુરતા પર જાતીયતાની અસર જોવા મળી ન હતી.*
- *ભિન્ન રહેઠાણનો પ્રકાર ધરાવતા ઉચ્ચતર માધ્યમિક શાળાનાં વિદ્યાર્થીઓમા ચિંતાતુરતા એક સરખી જોવા મળી હતી એટલે ચિંતાતુરતા પર રહેઠાણનાં પ્રકારની અસર જોવા મળી ન હતી.*
- *ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓનાં ભિન્ન વિદ્યાશાખાના સંદર્ભમાં વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાનના વિદ્યાર્થીઓમાં ચિંતાતુરતા એક સમાન ન હતી. ચિંતાતુરતાના ખ્યાલમાં તફાવત જોવા મળ્યો હતો. એટલે કે વિવિધ વિદ્યાશાખાના વિદ્યાર્થીઓની ચિંતાતુરતામાં તફાવત હતો. એટલે કે ચિંતાતુરતા પર ભિન્ન વિદ્યાશાખાની અસર જોવા મળી હતી.*
- *ભિન્ન સામાજિક-આર્થિક સ્થિતિ ધરાવતા ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓમાં ચિંતાતુરતા પર ભિન્ન સામાજિક-આર્થિક સ્થિતિની અસર જોવા મળી ન હતી.*
- *ભિન્ન સામાજિક-આર્થિક સ્થિતિ ધરાવતા ઉચ્ચતર માધ્યમિક શળાના કુમારો અને કન્યાઓની ચિંતતુરતા સમાન હતી. એટલે કે ચિંતાતુરતા પર સામાજિક- આર્થિક સ્થિતિ અને જાતીયતાની આંતરક્રિયાની અસર જોવા મળી ન હતી.*
- *ભિન્ન રહેઠાણનો પ્રકાર ધરાવતા ઉચ્ચતર માધ્યમિક શાળાના વિનયન,વાણિજ્ય અને વિજ્ઞાન અને ભિન્ન વિદ્યાશાખાની આંતરક્રિયની અસર જોવા મળી હતી.*
- *ભિન્ન રહેઠાણનો પ્રકાર અને ભિન્ન સામાજિક-આર્થિક સ્થિતિ ધરાવતા ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓમાં ચિંતાતુરતા સમાન જોવા મળી હતી. એટલે કે ચિંતાતુરતા પર ભિન્ન રહેઠાણનો પ્રકાર અને ભિન્ન સામાજિક-આર્થિક સ્થિતિની આંતરક્રિયાની અસર જોવા મળી ન હતી.*
- *ભિન્ન સામાજિક-આર્થિક સ્થિતિ ધરાવતા ઉચ્ચતર માધ્યમિક શાળાના વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન વિદ્યાશાખાના વિદ્યાર્થીઓમાં ચિંતાતુરતા સમાન હતી. એટલે કે ચિંતાતુરતા પર ભિન્ન સામાજિક-આર્થિક સ્થિતિ અને વિદ્યાશાખાની આંતરક્રિયાની અસર જોવા મળી ન હતી.*
- *ભિન્ન રહેઠાણનો પ્રકાર, વિદ્યાશાખા અને સામાજિક-આર્થિક સ્થિતિ ધરાવતા વિદ્યાર્થીઓ ચિંતાતુરતાની બાબતમાં સમાન હતા. એટલે કે ચિંતાતુરતા પર ભિન્ન રહેઠાણનો પ્રકાર, વિદ્યાશાખા અને સામાજિક-આર્થિક સ્થિતિની આંતરક્રિયાની અસર જોવા મળી ન હતી.*

### ૧૫.૨ સ્વસંકલ્પના સંબંધિત અભ્યાસનાં તારણો

સ્વસંકલ્પના ચલ સંબંધિત અભ્યાસનાં તારણો નીચે પ્રમાણે છે.

- ઉચ્ચતર માધ્યમિક શાળાઓનાં વિદ્યાર્થીઓમાં જાતીયતાનાં સંદર્ભમાં કુમારો અને કન્યાઓની સ્વસંકલ્પના ખ્યાલની બાબતમાં સમાન નથી. એટલે કે સ્વસંકલ્પના પર જાતીયતાની અસર જોવા મળી ન હતી.
- ભિન્ન રહેઠાણનો પ્રકાર ધરાવતા ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓમાં સ્વસંકલ્પના સમાન જોવા મળી હતી એટલે કે સ્વસંકલ્પના પર વિદ્યાશાખાની અસર જોવા મળી ન હતી.
- ઉચ્ચતર માધ્યમિક શાળાઓનાં વિદ્યાર્થીઓમાં ભિન્ન વિદ્યાશાખાના સંદર્ભમાં વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાનના વિદ્યાર્થીઓમાં સ્વસંકલ્પના સરખી જોવા મળી હતી એટલે કે સ્વસંકલ્પના પર વિદ્યાશાખાની અસર જોવા મળી ન હતી.
- ભિન્ન સામાજિક-આર્થિક સ્થિતિ ધરાવતા ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓમાં સ્વસંકલ્પના સમાન જોવા મળી હતી. એટલે કે સ્વસંકલ્પના પર સામાજિક-આર્થિક સ્થિતિ અને જાતીયતાની આંતરક્રિયાની અસર જોવા મળી ન હતી.
- ભિન્ન સામાજિક-આર્થિક સ્થિતિ ધરાવતા ઉચ્ચતર માધ્યમિક શાળાના કુમારો અને કન્યાઓની સ્વસંકલ્પના સમાન હતી. એટલે કે સ્વસંકલ્પના પર ભિન્ન સામાજિક-આર્થિક સ્થિતિ અને જાતીયતાની આંતરક્રિયાની અસર જોવા મળી ન હતી.
- ભિન્ન રહેઠાણનો પ્રકાર ધરાવતા ઉચ્ચતર માધ્યમિક શાળાના વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન વિદ્યાશાખાના વિદ્યાર્થીઓમાં સ્વસંકલ્પના સમાન હતી. એટલે કે સ્વસંકલ્પના પર રહેઠાણનો પ્રકાર અને વિદ્યાશાખાની આંતરક્રિયાની અસર જોવા મળી ન હતી.
- ભિન્ન રહેઠાણનો પ્રકાર અને ભિન્ન સામાજિક-આર્થિક સ્થિતિ ધરાવતા ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની સ્વસંકલ્પના સમાન હતી. એટલે કે સ્વસંકલ્પના પર રહેઠાણનો પ્રકાર અને સામાજિક-આર્થિક સ્થિતિની આંતરક્રિયાની અસર જોવા મળી ન હતી .
- ભિન્ન સામાજિક-આર્થિક સ્થિતિ ધરાવતા ઉચ્ચતર માધ્યમિક શાળાના વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન વિદ્યાશાખાના વિદ્યાર્થીઓમાં સ્વસંકલ્પના સમાન હતી. એટલે કે સ્વસંકલ્પના પર સામાજિક-આર્થિક સ્થિતિ અને વિદ્યાશાખાની વચ્ચેની આતંરક્રિયાની અસર થતી ન હતી.
- ભિન્ન રહેઠાણનાં પ્રકાર, વિદ્યાશાખા અને સામાજિક આર્થિક સ્થિતિ ધરાવતા વિદ્યાર્થીઓ સ્વસંકલ્પનાની બાબતમાં સમાન હતા. એટલે કે સ્વસંકલ્પના પર રહેઠાણનાં પ્રકાર, વિદ્યાશાખા અને સામાજિક-આર્થિક સ્થિતિ વચ્ચેની આંતરક્રિયાની અસર થતી ન હતી.

### ૧૬. શૈક્ષણિક ફલિતાર્થો

અભ્યાસના અંતે થતાં શૈક્ષણિક ફલિતાર્થો આ સંશોધનની નીપજ ગણી શકાય છે. જે વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓને માર્ગદર્શક બની શકે. પ્રસ્તુત અભ્યાસના પરિણામો પરથી કહી શકાય કે સ્વસંકલ્પનાની બાબતમાં કુમારો કરતાં કન્યા વધુ ઊંચી સ્વસંકલ્પના ધરાવે છે. માટે કુમારોમાં પણ સ્વસંકલ્પના ઊંચી આવે તે માટે તજ્જ્ઞોએ કાર્યક્રમો વિકસાવવા જોઈએ. વિદ્યાશાખા અંગેના પરિણામો દર્શાવે છે કે વિદ્યાશાખા અનુસાર ચિંતાતુરતાનાં તફાવત જોવા મળે છે. માટે ઊંચી ચિંતાતુરતા ધરાવતી વિદ્યાશાખાના તજ્જ્ઞોએ વિદ્યાર્થીઓની ચિંતાતુરતા નીચી પ્રદર્શિત થાય તે માટે તે ભિન્ન વિદ્યાશાખાનાં તજ્જ્ઞોએ કાર્યક્રમ વિકસાવવા જોઈએ.જ્યારે ચિંતાતુરતા અને સ્વસંકલ્પનાના સંદર્ભમા સામાજિક-આર્થિક સ્થિતિના પરિણામો સરખા જોવા મળ્યા હતા. માટે બધા જ વર્ગના વિદ્યાર્થીઓમાં ઊંચી સ્વસંકલ્પના પ્રદર્શિત થાય અને નીચી ચિંતાતુરતા પ્રદર્શિત થાય તે માટે શાળા કક્ષાએ ખાસ પ્રકારનાં કાર્યક્રમો હાથ ધરવા જોઈએ.

### સંદર્ભસૂચિ

૧. ઉચાટ, ડી.એ. અને અન્ય (૧૯૯૮) સંશોધનનું સંદોહન. રાજકોટ: શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.
૨. ચુડાસમા, રઘભુા પ્ર. (1992). સામાન્ય વિદ્યાર્થીઓની તુલનામાં અપંગ વિદ્યાથીઓનાઅનુકુલન, આક્રમકતા, સિદ્ધિ પ્રેરણા અને સ્વસંકલ્પનાનો અભ્યાસ.એમ.એડ્., અપ્રકાશિત લઘુશોધ નિબંધ, રાજકોટ : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.
૩. મોદી, ડી.અને અન્યો (૧૯૮૧) સંશોધનની માધુકરી. ભાવનગર : શિક્ષણશાસ્ત્ર ભવન, ભાવનગર યુનિવર્સિટી.
૪. મહેતા, અરવિંદ, જે.મહેતા (1987). ધોરેરણ આઠ તથા નવમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની બુદ્ધિકક્ષા, સામાજિક-આર્થિક સ્થિતિ અને અભ્યાસની ટેવોનો અભ્યાસ. એમ.એડ્., અપ્રકાશિત લઘુશોધ નિબંધ, રાજકોટ : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.
૫. Jayswal V.K. (1977). A Study of Creativity in Relation of Anxiety in Male and Female Teacher Trainees Cited by M.B. Buch. Third Survey of Research in Education. NCRT, New Delhi.